ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# હવે, ગુજરાતમાં સારા વરસાદની રાહ છે...

**સારો વરસાદ પડશે તો જ જળસંચયની કામગીરી લેખે લાગશે : ગુજરાતના ૩૩ પૈકી ૨૧ જિલ્લાઓમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા : સરકાર અને જનતા બંને હવે વરસાદના આધારે**

ગાંધીનગર, તા. ૩૦

વરસાદે હજુ તો કેરળ કાંઠે દસ્તક દીધી છે ત્યાં તો અહી વરસાદ ક્યારે આવશે તેની પૃચ્છા શરૂ થઈ ચૂકી છે.

વરસાદની આવી રીતે ચાતક નજરે આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હોય તેવુ છેલ્લા એક દાયકામાં પ્રથમવાર બની રહ્યુ છે. પીવાના પાણીની તંગી ભોગવી

**સમયસર**

રહેલા સામાન્ય નાગરિકોની સાથે સાથે આ વખતે તો સમગ્ર સરકારી તંત્રને વરસાદની ખૂબ જ જરૂર છે. કારણ કે છેલ્લા એક મહિના દરમ્યાન જળસંચયના નામે ખોદવામાં આવેલા ખાડાઓ વરસાદ જ ભરી શકશે. સારો વરસાદ પડશે તો જ સરકારીતંત્રએ કરોડોના ખર્ચે પાડેલો પરસેવો લેખે લાગશે.

હાલમાં ગરમી તેની ચરમસીમાએ પહોંચી છે. સમગ્ર ઉત્તર ભારત ભીષણ ગરમીની ચપેટમાં આવી ગયુ છે. આકરી ગરમીના કારણે જળસ્ત્રોતો સુકાઈ ગયા છે અને નાગરિકોને પીવાના પાણી માટે પણ ઠેર ઠેર ભટકવુ પડી રહ્યુ છે. એક અહેવાલ મુજબ રાજયના ૩૩ પૈકી ૨૧ જિલ્લાઓના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. આ ૨૧ જિલ્લાના ૬૭ તાલુકાઓમાં લોકોને માંડ માંડ પીવાનું પાણી મળી રહ્યુ છે. હાલમાં રાજ્યના ૩૬૦ ગામો અને ૫૦૨ પરાં મળીને કુલ ૮૬૨ ગામ-પરાંઓને ટેન્કર મારફત પીવાનું પાણી પુરૂ પાડવામાં આવી રહ્યુ છે. ટેન્કર રાજ ફરી શરૂ થતાં ટેન્કર માફિયાઓ સામે જનતાને જુકવુ પડી રહ્યુ છે. એક-બે બેડાં માટે કલાકો સુધી લાઈનમાં ઉભુ રહેવુ પડે છે. જો વરસાદ ખેંચાશે અથવા ઓછો પડશે તો રાડારાડ થઈ જશે.

આદિવાસી વિસ્તાર તથા સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની સૌથી વધુ તંગી છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા દરરોજ પંદરસોથી વધુ ફેરા કરી જરૂરીયાતવાળા વિસ્તારો સુધી પાણી પહોંચાડવામાં આવી રહ્યુ છે. દિવસે દિવસે વધુ ટેન્કરોની માંગણી થઈ રહી છે જે પ્રજાની મુશ્કેલીઓ દર્શાવી રહી છે.

પીવાના પાણીની તકલીફ ગાંધીનગરમાં બેઠેલા મંત્રીઓ અને સરકારી બાબુઓને પણ ઘેરી રહી છે. તેમના ઘરે ભલે પુરતુ પાણી આવી રહ્યુ હોય પરંતુ ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાં વસતા સામાન્ય નાગરિકોને એક-એક ઘડા માટે કરવો પડતો સંઘર્ષ અહીં સીધો જ સ્પર્શી રહ્યો છે. સરકાર અને સરકારીતંત્ર પ્રજાની સાથે છે. તેઓની મુશ્કેલીઓ દૂર કરવા તત્પર છે તેવુ દર્શાવવા છેલ્લા એક માસથી સમગ્ર ગુજરાતમાં જળસંચય અભિયાન વ્યાપકપણે ચલાવાઈ રહ્યુ છે. ઠેર ઠેર તળાવો ખોદાયા છે, ચેકડેમો બંધાયા છે, સરકારે જળસંચયના આ કામને પૂર્ણ થયેલુ જાહેર કર્યુ છે. પરંતુ સરકાર એ ખૂબ સારી પેઠે જાણે છે કે જો સારો વરસાદ નહી પડે અને આ ખાડા નહી ભરાય તો પ્રજાને જવાબ આપવો પડશે. સામે ૨૦૧૯નું ઈલેક્શન આવી રહ્યું છે ત્યારે સામાન્ય જનતાની નારાજગી કોઈપણ ભોગે દૂર કરવી પડશે. આ નારાજગી દૂર કરવા માટે પણ સારો વરસાદ આવશ્યક હોઈ હાલમાં સમગ્ર સરકારી તંત્ર સારા વરસાદની પ્રાર્થના કરી રહ્યું છે.




બેંક હડતાલ - ગાંધીનગરની સરકારી બેન્કોના કર્મચારીઓએ બે દિવસની હડતાલ પાડતા આર્થિક વ્યવહારો ખોરવાયા હતા... કરોડો રૂપિયાના ચેકોના કલીયરીંગ અટકી ગયા હતા... ખાસ કરીને સ્ટેટ બેંકના કર્મચારીઓની હડતાલના કારણે સરકારી ચૂકવણું સ્થગિત થઈ ગયું હતું... ગાંધીનગરમાં કર્મચારીઓના પગાર મોડા થવાની સંભાવનામાં સર્જાતા શહેરના આર્થિક જીવનમાં નજીવો અંતરાવ આવી શકે છે...

# શહેરના આંતરિક માર્ગોની સફાઈમાં ચાલતી ધુપ્પલબાજી સામે મેયરનો ગુસ્સો સાતમા આસમાને

**કમિશ્નરને પત્ર લખી લક્ષ્મી સીક્યોરીટી એજન્સી સામે પગલાં લેવા અને બ્લેકલીસ્ટ કરવા સુધીની કાર્યવાહી કરવા માટેની કડક સૂચના આપતાં તંત્રમાં ખળભળાટ**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકામાં સફાઈની કામગીરીને લઈ દાખવવામાં આવતી ઉદાસીનતા સામે હવે મેયર પ્રવિણ પટેલ મેદાનમાં આવ્યા છે અને તેમણે આજે કમિશ્નરશ્રીને એક પત્ર પાઠવી સેકટરોના આંતરિક મુખ્ય માર્ગોની સફાઈની કામગીરી સંભાળતી એજન્સી લક્ષ્મી સીક્યોરીટી સામે બ્લેક લીસ્ટ કરવા સુધીની કાર્યવાહી કરવા માટેના આદેશો આપ્યા છે.

કમિશ્નરને પાઠવેલા પત્રમાં તેમણે જણાવ્યુ છે કે આંતરિક માર્ગોની સફાઈ માટે અત્યાર સુધીમાં રૂ. બે કરોડની રકમનો ખર્ચ થયો છે પરંતુ આ કામગીરીને લઈ કાઉન્સીલરો અને પ્રજા નારાજ છે. આ બાબતે તંત્રના અધિકારીઓનું વારંવાર ધ્યાન દોરવા છતાં કોઈ પગલાં લેવામાં આવ્યા નથી તે દુઃખદ છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૧૩,૩૫૭ બાળકોને ધો. ૧માં પ્રવેશ અપાશે

**સૌથી વધુ ગાંધીનગર તાલુકામાં, કલોલમાં કુમાર કરતાં કન્યાઓ વધુ પ્રવેશ મેળવશે : તંત્રમાં તૈયારીઓનો ધમધમાટ**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં આ વખતે ૧૩,૫૫૭ બાળકોને ધો. ૧માં પ્રવેશ આપવામાં આવશે. જે ગત વર્ષ કરતાં અંદાજે ૧ હજાર જેટલા વધુ છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આ વખતે ૧૦૦ ટકા નામાંકન થાય તે રીતે તંત્રએ આયોજન હાથ ધર્યુ છે.

જિલ્લામાં સૌથી વધુ પ્રવેશપાત્ર બાળકો સર્વેમાં ગાંધીનગર તાલુકામાંથી મળી આવ્યા છે જે ૫૧૫૨ છે. જ્યારે સૌથી ઓછા બાળકો માણસા તાલુકામાં જણાયા છે જેની સંખ્યા ૧૯૬૨ છે. દહેગામમાં ૩૩૯૦નો કલોલમાં ૩૦૫૩ બાળકો પ્રવેશપાત્ર જણાયા છે. સર્વે દરમ્યાન જે બાળકો પ્રવેશપાત્ર જણાયા છે તેમાં ૭૦૨૮ કુમાર અને ૬૫૨૯ કન્યાઓ છે.

જિલ્લામાં કલોલ તાલુકો એક માત્ર એવો છે જ્યાં કુમાર કરતાં કન્યા વધુ પ્રવેશપાત્ર મળી આવેલ છે. કલોલમાં ૧૫૦૬ કુમાર અને ૧૫૪૭ કન્યાઓ પ્રવેશપાત્ર છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ગત વર્ષે પ્રવેશપાત્ર બાળકો ૧૨૨૯૨ જણાયા હતા. જ્યારે આ વર્ષે બાળકોની સંખ્યા વધધીને ૧૩,૫૫૭ થઈ છે. જે એક હજાર જેટલો વધારો દર્શાવે છે.

જિલ્લામાં વેકેશન પૂર્ણ થવામાં હોઈ તંત્ર દ્વારા હાલ પ્રવેશોત્સવની ઉજવણીને લઈ ધીમી ગતિએ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

# આજે ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર થશે

**ગાંધીનગર જિલ્લામાંથી ૧૩ હજાર વિદ્યાર્થીઓએ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી**

ગાંધીનગર તા ૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર કરાશે. બોર્ડ દ્વારા સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પર પરિણામ મુકવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૧૩ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. જયારે અગાઉ વિજ્ઞાન પ્રવાહ તેમજ ધો -૧૦ નુ પરિણામ બોર્ડ કક્ષાએથી જાહેર કરી દેવાતા હવે આખરે સામાન્ય પ્રવાહનુ પરિણામ પણ આજે જાહેર કરવાનુ હોવાથી શૈક્ષણિક વર્તુળમાં પરિણામ લક્ષી ઈન્તેજારીનો અંત આવશે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૮ માં લેવાયેલી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનુ તા ૩૧ મેં ના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે. બોર્ડ દ્વારા તબક્કાવાર બોર્ડ પરીક્ષાના પરિણામો જાહેર કરવામાં આવી રહયા છે. જયારે પ્રથમ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરી દેવાયા બાદ ધો-૧૦ નુ પરિણામ પણ ગત તા ૨૮ મેં ના રોજ જાહેર કરી દેવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હાંશકારો પ્રવર્તયો છે. બાર્ડ દ્વારા પ્રતિવર્ષ બોર્ડના પરિણામો જાહેર કરવાના સમયમાં પણ આ વખતે ફેરફાર કરાયો છે. ગત વર્ષની સાપેક્ષમાં મોટાભાગના પરિણામો પ્રમાણમાં વહેલા જાહેર કરી દેવાતા વિદ્યાર્થીઓ પણ રાહત અનુભવી રહયા છે. જયારે તા ૩૧ મેં ના રોજ મહીનાના અંતિમ દિવસે બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ પણ જાહેર કરી દેવાશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૧૩ હજાર જેટલા

● અનુસંધાન પાન-૭ પર

## વાલમ બ્રાહ્મણ બેસણું



**ગં.સ્વ.જીજ્ઞાશા ચૈતન્ય વ્યાસ** નું તા.૨૬-૦૫-૨૦૧૮ને શનિવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૩૧-૦૫-૨૦૧૮ને ગુરૂવારે સાંજે ૫ થી ૭ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**પ્લોટ નં.૧૩૨૪/૨, સે-૨/બી, ગાંધીનગર**

**પ્રફુલ્લચંદ એમ.વ્યાસ** (સસરા) | **વસંતબેન પી.વ્યાસ** (સાસુ)
**વિરલ પી.વ્યાસ** (દિયર) | **મૌલીન ચૈતન્ય વ્યાસ** (પુત્ર)
**માધવ પી.વ્યાસ** (દિયર) | **અમિતા એમ.વ્યાસ** (દેરાણી)
**રાજીવ એમ. પંડીત** (બનેવી) | **દક્ષાબેન આર. પંડીત** (નણંદ)

## બેસણું



અમારા નાનાભાઈ **શ્રી ચંદ્રકાન્તભાઈ કાન્તિલાલ જોષીનું** તા. ૨૯/૫/૨૦૧૮ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧/૬/૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : સુથારવાસ, મુ. પો. વાસન મહાદેવ, તા.જી. ગાંધીનગર. મો. ૯૬૦૧૦૦૧૮૮૧**

લી.
**જોષી અશોકકુમાર કાન્તિલાલ (ભાઈ)**
**જોષી પ્રવિણકુમાર કાન્તિલાલ (ભાઈ)**
**જોષી અનિલકુમાર જગદીશચંદ્ર (ભાઈ)**
**જોષી હર્ષદભાઈ બાબુલાલ (ભાઈ)**
**જોષી રાજકુમાર પ્રવિણકુમાર (ભત્રીજા)**

## બેસણું



અમારા પિતાશ્રી **દલબીરસીંગ પ્રીતમસીંગ રતન** (ગાર્ડન સે.૨૮, ગેસ વેલ્ડીંગવાળા)નું તા. ૨૮/૫/૨૦૧૮ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧/૬/૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : પ્લોટ નં. ૨૭૧, હરસિદ્ધનગર, સેક્ટર-૨૪, ચંદ્ર ફોટો સ્ટુડીયોની પાછળ, ગાંધીનગર.**

લી.
**રશપાલસીંગ રતન** **જશબીરકૌર રતન**

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

**જળસંચય અભિયાન થકી**

# જિલ્લામાં જળસંગ્રહની શક્તિ ૧૯.૯૬ એમ.ક્યુ.એફ.ટી. વધી

**૧૯૯ તળાવ ઊંડા કરાયા : સાબરમતી અને મેશ્વોના નદી કિનારાની સફાઈ કરાઈ તો ૧૦૦૦થી વધુ શેરી મીટીંગો દ્વારા જળબચતની સમજ અપાઈ**



ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં જળસંચય અભિયાનમાં ૧૯૯ તળાવો ઊંડા કરી ૧૯.૯૬ મિલીયન ક્યુબીક ફીટ જળસંગ્રહની ક્ષમતાનો ઉમેરો કરવામાં આવ્યો છે.

આજે છેલ્લા એક માસથી જિલ્લામાં ચાલી રહેલ જળસંચય અભિયાનનું વિધિવત્ સમાપન નર્મદા કળશના પૂજન સાથે કલોલ તાલુકાના છત્રાલ ગામે રાજ્યમંત્રી વિભાવરીબેન દવેની ઉપસ્થિતિમાં થશે.

જિલ્લાતંત્રના સૂત્રો પાસેથી પ્રાપ્ત થયેલ વિગતો પ્રમાણે આ ૧૯૯ તળાવ ઊંડા કરી ૫,૬૫,૨૪૦ ઘનમીટર કાંપ અને માટી કાઢવામાં આવેલ છે.

આ અભિયાન દરમ્યાન ૬૦૦ થી વધુ એરવાલ્વની મરામત અને જાળવણી-નિભાવણીની કામગીરી કરવામાં આવી છે.

જિલ્લામાં જળસંચયની સાથે સાથે જળબચત અંગે ૧ હજારથી વધુ શેરી મીટીંગો તેમજ ગ્રામજનો સાથે તંત્ર દ્વારા સાદી સમજ આપવામાં આવી છે એટલુ જ નહિ પાણીનું મહત્વ સમજાવવામાં આવ્યું છે. જિલ્લામાં વિવિધ કાંસોની પણ સફાઈનું અભિયાન પણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ગાંધીનગર શહેરના સીમાડે આવેલ સંત સરોવરમાં શહેરનું પાણી આવે તે માટેનો એકશન પ્લાન તૈયાર કરી અને તેના અમલીકરણ માટેનો રોડમેપ અમલમાં મુકવાની દિશામાં કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

જિલ્લામાં મેશ્વો નદીના ૯ કિ.મી.ના વિસ્તારમાં સફાઈ અભિયાન ઉપરાંત સાબરમતી નદી માટે ઈન્દ્રોડા, ધોળાકુવા સહિતના પટ્ટામાં પણ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ.

જિલ્લામાં ૧૦૦ ટકા કામો લોકભાગીદારીથી થયાનો તંત્રને સંતોષ અને ગર્વ છે. જિલ્લાના આ અભિયાન દરમ્યાન ૧૬ હજારથી પણ વધુ માનવદિન રોજગારી મનરેગા હેઠળ ઉભી કરવામાં આવી હતી.

# સે.૨૮ બાલોદ્યાન પાસેથી પચ્ચીસ દબાણો હટાવાયા

**શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ છેલ્લા કેટલાક સમયથી સક્રીય : શહેરી વિસ્તારમાં પણ સરકારની ખુલ્લી જગ્યા તેમજ વન આરક્ષિત વિસ્તારમાં દબાણોનો પણ પગપેસારો**

ગાંધીનગર તા ૩૦

શહેરના સે-૨૮ બાલોદ્યાન પાસેના વિસ્તારમાંથી આજે દબાણતંત્રની ટીમે ઝુંપડાના ઉપરાંત શહેરી વિસ્તારના ગામોમાં પણ દબાણોએ અડ્ડો જમાવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં પાકા દબાણોની ભરમાર છે. જયારે શહેરી હતા. તંત્ર દ્વારા ઝુંપડાના ૩૫ જેટલા દબાણો દુર કરાયા હતા. શહેરના સેકટરોમાં દબાણો હટાવાયા બાદ પુન : યથાવત



દબાણો દુર કર્યા હતા. ગઈકાલે જી આઈ ડી સી વિસ્તારમાંથી દબાણોનો સફાયો કર્યા બાદ આજે બાલોદ્યાન પાસે સ્થિત ઝુંપડાઓના દબાણો દુર કરાયા હતા. તંત્ર દ્વારા ૨૫ જેટલા દબાણો દુર કરવામાં આવ્યા હતા.

શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ છેલ્લા કેટલાક સમયથી સક્રીય બની છે. જો કે અત્યાર સુધી દબાણની કામગીરી માત્ર નાટકીય પુરવાર થઈ હોવાનો આક્રોશ આમ નાગરિકોમાં પ્રબળ બન્યો છે. શહેર વિસ્તારમાં પણ સરકારની ખુલ્લી જગ્યા તેમજ વન આરક્ષિત વિસ્તારમાં દબાણોએ પગપેસારો કર્યો છે. નગરના જી આઈ ડી સી વિસ્તારમા ગઈકાલે તંત્ર દ્વારા દબાણો દુર કરી પ્લોટની આસપાસ ઉભા કરાયેલા તોતિંગ દબાણોનો સફાયો કર્યો હતો. જયારે આજે સતત બીજા દિવસે પણ તંત્રએ શહેરના સે -૨૮ બાલોદ્યાન વિસ્તારની પાછળના ભાગે તેમજ આસપાસના વિસ્તારમાં અડ્ડો જમાવી બેઠેલા દબાણો દુર કર્યા સ્થિતિમાં ગોઠવાઈ જતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. શેહરના મુખ્યમાર્ગો આસપાસ તેમજ જાહેર સ્થળો પર ગમે ત્યારે દબાણો ગોઠવાઈ જાય છે. જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ લારી ગલ્લા સહીતના દબાણોની સંખ્યા વધતા સ્થાનિકો માટે અનેક સમસ્યાઓ સર્જાય છે. રહેણાંક વિસ્તારને અડીને પણ દબાણોનો અડ્ડો જોવા મળે છે. જયારે વન આરક્ષિત જગ્યામાં પણ દબાણો ખડકાયા છે.

## Wanted Teachers

at

**Little Angels' School**

682/2, Sector-8 Gandhinagar, Ph –079 23245153

Needed efficient and skilled teachers (B.Ed. degree is a must) for our primary section, Class I to VIII. He/she should be well-versed with nuances of the subjects and should also know how to handle children with love and care. Candidates can submit with their resumes at Little Angels' School for walk-in interview between 10am and 12noon, Monday to Friday.

## ટેન્ડર નોટીસ

મોજે સરઢવ, તા.જિ. ગાંધીનગર ગામે ગ્રામપંચાયત સ્વભંડોળમાંથી ખર્ચ કરી ગ્રામ પંચાયત માટે આર.ઓ. પ્લાન્ટ કલાકના ૧૦૦૦ લીટરનો એસ.એસ. પ્લાન્ટના ભાવો મંગાવવામાં આવે છે. જેથી લાગતા-વળગતા વહેપારી ભાઈઓ-ઉત્પાદકોએ તા. ૧૯/૬/૨૦૧૮ બપોરના ૨ કલાક સુધીમાં ગ્રામ પંચાયત કાર્યાલયે પોસ્ટથી પહોંચતા કરવા જાણ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **ગાંડાજી રાઠોડ** | **ઉષાબેન મનુભાઈ પટેલ** |
| **તલાટી કમ મંત્રી** | **સરપંચશ્રી** |
| **સરઢવ ગ્રામ પંચાયત** | **સરઢવ ગ્રામ પંચાયત** |

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫